અપીલ અરજી નં.૧૮ તા.૧૫–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રીમતિ હાજરાબીબી અબ્દુલ કાદર મલેક
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતિ હાજરાબીબી અબ્દુલ કાદર મલેકની આઈ ડી.નં.૧૩૭૭ તા.૩–૩–૦૯ ની અરજીથી વોર્ડ નં.૨/૧૮૦૩ સગરામપુરા, નવી ઓલી, સુરતને સુરત મહાનગરપાલિકા તરફથી બે અલગ અલગ ટેનામેન્ટ નં.૨બી–૦૧–૧૧૨૧–૦–૦૦૪ અને ૦૫ આ પૈકી અમારી મિલ્કતનું ભરવાપાત્ર બીલ કયું સાચું છે તે બીલ જણાવવા અને ટેનામેન્ટ નંબર જણાવવા વિનંતી કરેલ છે. તેમજ અન્ય ભાડુતોના નામો કયા પુરાવાના આધારે મ્યુ. દફતરે દાખલ થયેલ છે વિ. માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૫–૪–'૦૯ ની અપીલ અરજી નં.૧૮/૨૦૦૯–૧૦

શ્રીમતિ હાજરાબીબી અબ્દુલ કાદર મલેકની આઈ ડી.નં.૧૩૭૭ તા.૩–૩–૦૯ ની અરજીથી વોર્ડ નં.૨/૧૮૦૩ સગરામપુરા, નવી ઓલી, સુરતને સુરત મહાનગરપાલિકા તરફથી બે અલગ અલગ ટેનામેન્ટ નં.૨બી–૦૧–૧૧૨૧–૦–૦૦૪ અને ૦૫ આ પૈકી અમારી મિલ્કતનું ભરવાપાત્ર બીલ કયું સાચું છે તે બીલ જણાવવા અને ટેનામેન્ટ નંબર જણાવવા વિનંતી કરેલ છે. તેમજ અન્ય ભાડુતોના નામો કયા પુરાવાના આધારે મ્યુ. દફતરે દાખલ થયેલ છે વિ. માહિતી આપવા બાબતે માહિતી જાણવા માટે મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, પ્રશ્ન હેઠળના બીલો અને તેને આનુષાંગિક દફતરી માહિતીની નકલો આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૫ તા.૨૪–૪–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને નિર્દિષ્ટ મિલ્કતના બીલોની નકલ તથા અપીલ અંગેના પુરાવા અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. સદર નિર્દિષ્ટ મિલ્કતના સને ૨૦૦૮–૦૯ ના ૦૨બી–૦૧–૧૧૨૧–૦–૦૦૧ થી ૦૦૫ મિલ્કતવેરાના બીલો તથા ૦૨બી–૦૧–૧૧૨૧–૧–૦૦૪ અને ૫ નળ જોડાણના બીલોની નકલો અરજદાર તરફથી તા.૮–૫–૦૯ ના રોજ મળેલ છે. જયારે રહેઠાણના પુરાવા તરીકે ચૂંટણી કાર્ડ તથા રેશનકાર્ડની નકલ રજૂ કરેલ છે. તેની સામે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આપેલ તા.૬–૪–૦૯ ના પત્રની નકલ પણ મોકલેલ છે. પરંતુ અરજદારે ભાડુત અંગેના વાજબીપણા અંગે કોઈ ભાડા કરાર કે ભાડા અંગેની રસીદ રજૂ કરેલ નથી.

અરજદારની તા.૩–૩–૦૯ ની અરજીથી વોર્ડ નં.૨/૧૮૦૩ સગરામપુરા, નવી ઓલી, સુરતને સુરત મહાનગરપાલિકા તરફથી બે અલગ અલગ ટેનામેન્ટ નં.૨બી–૦૧–૧૧૨૧–૦–૦૦૪ અને ૦૫ આ પૈકી અમારી મિલ્કતનું ભરવાપાત્ર બીલ કયું સાચું છે તે બીલ જણાવવા અને ટેનામેન્ટ નંબર જણાવવા વિનંતી કરેલ છે. તેમજ અન્ય ભાડુતોના નામો કયા પુરાવાના આધારે મ્યુ. દફતરે દાખલ થયેલ છે વિ. માહિતીની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી એઆરડી/૧૫૦ તા.૬–૪–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે જેમાં વોર્ડ નં.૨/૧૮૦૩ ની મિલ્કતમાં ચાર ભાડુતોનો વસવાટ છે. તેમજ જે કિસ્સામાં ભાડુઆત ધ્વારા અલાયદુ નળ કનેકશન જોડાણ મેળવેલ હોય તેવા કિસ્સામાં મિલ્કત વેરાનું અને નળ જોડાણ અંગેનું અલાયદુ બીલ આકારવામાં આવેલ છે. આ બંને બીલો જે તે મિલ્કતના છે વધુમાં સમયસર બીલ ન ભરવાને કારણે ૧૮ ટકા વ્યાજની કાયદાકીય જોગાઈ જણાવેલ છે. તથા ભાડુઆત અંગે નામ દાખલ કરવા ભાડા કરાર અને છ માસના ભાડાની રસીદોની નકલ રજૂ કર્યેથી સ્થળ તપાસ કરીને ભાડુઆત નામ દાખલ કરવાની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારે અન્ય ભાડુતોના નામ દાખલ કર્યાના પુરાવાની માહિતી માંગવામાં આવેલ છે તે અંગે કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી તેમજ આરટીઆઈ એકટ હેઠળ ઈન્કાર અંગે કલમ–૮,૯,૧૧ કે ૨૪ હેઠળનો અપવાદ રજૂ કરેલ નથી. વધુમાં સદર મિલ્કતના ચાર ભાડુતોના બીલો તેમજ નળ જોડાણના ભાડુતના બીલો રજૂ કરાયેલ છે તેમાં અરજદારનું નામ કોઈ પણ બીલમાં દાખલ હોય તેવું જણાયેલ નથી. પરંતુ ૦૦૪ અને ૦૦૫ ના બીલો એક જ ભાડુતના બે મિલ્કતવેરાના બીલો તથા નળ જોડાણના બીલો જણાયેલ છે.

પાછળ

પ્રસ્તુત કિસ્સા અંગે માંગવામાં આવેલી માહિતી અંગે તા.૨૧–૫–૦૯ ના રોજ બપોરે ૩.૪૫ કલાકે ડે.કમિશ્નર(જન.) અને એપેલેટ ઓફિસર સમક્ષ મુગલીસરા મુખ્ય કચેરી ખાતે સુનાવણી અર્થે નં.આરટીઆઈ સેલ/૧૪૯ તા.૧૪–૫–૦૯ થી બંને પક્ષકારોને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર સાંજે ૪–૨૦ કલાક સુધી એપેલેટ ઓફિસર સમક્ષ હાજર રહેલ નહીં જયારે જાહેર માહિતી અધિકારી તરફથી આકારણી અને વસુલાત અધિકારી ઉપસ્થિત રહીને અરજદારે અપીલ તબકકે રજુ કરેલ રેશનકાર્ડ અને ચુંટણી ઓળખકાર્ડના પુરાવા જોતાં ફરી દફતરી ચકાસણી કરી હકીકત લક્ષીની માહિતીની જાણ અરજદારને દિન–૭માં કરવામાં આવશે. જરૂર જણાયે અરજદારને આ માટે દફતરી તપાસણી માટે પણ તક આપવામાં આવશે. તેવી રજુઆત કરેલ છે.

અરજદારે ઉપસ્થિત કરેલ માહિતી માંગતા પશ્નો પૈકી બે ટેનામેન્ટ પૈકી તેમનું બીલ કયું? તે બાબતે અરજદારે સ્વયં રજુ કરેલ બીલની નકલમાં કરદાતાના નામ જણાવેલ છે જ જેમાં અરજદારનું નામ નથી. ઉપલબ્ધ દફતરી માહિતી અરજદારની પાસે છે જ અને તેમાંથી અરજદારને તે બીલ કોના છે તે માહિતી મળેલ છે જ તથા આ અંગે અરજદારે તેઓ ૧૬ વર્ષાથી રહેતા હોવાનો દાવો ચૂંટણી ઓળખકાર્ડ તથા રેશનકાર્ડ ની રજુ કરેલ નકલ આધારે કરેલ રજુઆત તકરાર નિવારણ અને ખાતાકીય કાર્યવાહી હાથ ધરવાને સ્પર્શતી જણાય છે. જેથી આ મુદ્દા અંગે માહિતીના ઈન્કારની અરજદારની રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી. આરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને ૨(જે )અનુક્રમે માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યાની કરેલ ઉપલબ્ધ દફતરી માહિતીની જોગવાઈ પણ તેમને સમર્પિત કરેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અન્ય ભાડુઆતોના નામો કયા પુરાવાના આધારે દાખલ થયા તે અંગેની નહીં પૂરી પડાયેલ માહિતી બાબતે અરજદારને દિન–૭માં નિર્દિષ્ટ ટેનામેન્ટના લાગત દફતરની તપાસણી પુરી પાડી અરજદાર માંગે તે નકલો આરટીઆઈની કલમ ૭(૬) હેઠળ વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, (સેન્ટ્રલ ઝોન)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રીમતિ હાજરાબીબી અબ્દુલ કાદર મલેક ૨/૧૮૦૩ નવી ઓલી મસ્જીદની ગલીમાં,સગરામપુરા,સુરત
....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.